VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Fax : +91 - 261 - 2227312
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

# –: પરિપત્ર :–

યુનિવર્સિટીની વિજ્ઞાન તેમજ કોમ્પ્યુટર સાયન્સ વિદ્યાશાખાઓની આગામી ફેબ્રુઆરી/ માર્ચ /એપ્રિલ –૨૦૨૬ની સ્નાતક કક્ષાએ સેમેસ્ટર–૧ થી ૬ તેમજ અને અનુસ્નાતક કક્ષાએ સેમેસ્ટર– ૧ થી ૪ પરીક્ષાઓના આવેદનપત્રો તા. ૩૧/૦૧/૨૦૨૬ સુધી ભરવાના રહશે. ABC ID તેમજ UDISE સાથે ફરજીયાત પણે ભરાવવાના રહશે.

વધુમા ઓફલાઈન વિદ્યાર્થીઓના આવેદનપત્રો ઉપરોક્ત સેમેસ્ટરો મુજબ ઉપરોક્ત તારીખોમાં ભરાવી યુનિવર્સિટી ખાતે ૨(બે) દિવસમાં જમાં કરાવવાના રહેશે.

આ પરિપત્ર જાહેર થયા પછી જે પરીક્ષાના પરિણામ જાહેર થશે, તેઓના ફોર્મ પરિણામ જાહેર થયાના તારીખ થી સાત(૭) દિવસમાં ભરાવવાના રહેશે તમામ ફોર્મો વિદ્યાર્થીઓ પાસેથી ઓનલાઈન ભરાવી તેમજ તેઓના આવેદનપત્રો વેરીફાઈ કરી વિદ્યાર્થીઓની યાદી જે તે વિધાશાખાઓમાં ઈ–મેઈલ કરવાના રહેશે.તેમજ તા.૧૩–૦૯–૨૦૨૪ના પરિપત્ર ક્રમાંક:પરીક્ષા/સંકલન/૧૯૦૬૫/૨૦૨૪ મુજબ કાર્યવાહી કરવાની રહેશે.

નવા અભ્યાસક્રમ મુજબ તમામ વિદ્યાર્થીઓના આવેદનપત્રો ભરવાના રહેશે. જેની અચૂક નોંધ લેવી.

જે વિદ્યાર્થીઓ પુરક પરીક્ષામાં ગેરરિતી કરતા માલુમ પડેલ તેવા વિદ્યાર્થીઓએ **MPEC**ના સ્ટેટ્યુટ–૧૧૯ના પરિશિષ્ટ–અ ની જોગવાઇ મુજબ કરવામાં આવેલ સજાના આધારે ફેબ્રુઆરી/ માર્ચ /એપ્રિલ–૨૦૨૬ની પરીક્ષાના આવેદનપત્રો ભરાવવાના રહશે.

નોંધ:- NON NEP માંથી NEP અભ્યાસક્રમમાં પ્રવેશ પોલીસી અન્વયે તા.૨૦/૧૨/૨૦૨૩ના પરિપત્ર ક્રમાક : એકે / NEP /31443 /2023 મુજબ પરીક્ષાના આવેદનપત્રો ભરાવવાના રહશે..

વધુમાં નિયત કરેલ તારીખ ત્યારબાદના પરીક્ષાઓના આવેદનપત્રો ભરવાના રહી ગયા હોય તેવા વિદ્યાર્થીઓના આવેદનપત્રો સિન્ડીકેટની તા.૧૮/૧૦/૨૦૧૬ની બાબત ક્રમાંક–૧૭ (૨) અન્વયે લેઇટ ફી સાથે સ્વીકારવામાં આવશે જેની નોંધ લેવી. લેઇટ ફી સાથે ભરાયેલ આવેદનપત્રોના પેપરોની વ્યવસ્થા કોલેજ કક્ષાએથી કરવાની રહેશે.

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની સિન્ડીકેટ તા.૦૨/૧૧/૨૦૨૧ના ઠરાવ ક્રમાંક:૧૧૮ અન્વયે તા.૧૬–૦૫–૨૦૨૫નાં પરિપત્ર ક્રમાંક: પરીક્ષા/સંકલન/૦૧૭૫૩૦/૨૦૨૫ પરિપત્ર મુજબ ફી ભરવાની રહેશે.

પરીક્ષાના આવેદનપત્રોની ફી ERP CELL ના તા.૦૩/૦૪/૨૦૨૫ પરિપત્ર ક્રમાંક:પરીક્ષા/ERP CELL/૭૫૩૪/૨૦૨૫માં જણાવેલ પ્રક્રિયા મુજબ ફી અંગેની કાર્યવાહી કરવાની રહેશે.

- સદર પરિપત્રની વિદ્યાર્થીઓને ફરજીયાત જાણ કરવાની રહેશે.
- જે કિસ્સામાં ઓનલાઈન તથા **NEFT** થી ચુકવણી કરેલ છે હોય તેવા કિસ્સામાં રૂબરૂ યુનિવર્સિટી ખાતે આવવાની જરૂર નથી.
- ઓનલાઈન ફોર્મ ભરવામાં કોઈ મુશ્કેલી જણાય તો નીચે આપેલ હેલ્પલાઈન નંબરનો કાર્યાલય સમય દરમ્યાન સંપર્ક કરી આવેદનપત્ર નિયત સમય મર્યાદામાં ભરી જ દેવાના રહશે.
- પરીક્ષાનાં ફોર્મ કોલેજ કક્ષાએ થી જરૂરી ચકાસણી કરી ભરવાનાં રહેશે જે અંગેની સંપૂર્ણ જવાબદારી જે તે કોલેજની રહેશે.
- **Helpline No : 8155063979, 9723433972, 9723433976, 6357322940, 0261-2203057**

ક્રમાંક: પરીક્ષા/ સાયન્સ/૨૬૧/૨૦૨૬
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી,સુરત.
તા. : ૦૩/૦૧/૨૦૨૬

પરીક્ષા નિયામક

નકલ સવિનય રવાના પ્રતિ,
૧.સિસ્ટમ મેનેજર,પરીક્ષા વિભાગ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત.
૨.મુખ્ય હિસાબી અધિકારીશ્રી, હિસાબી વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત.
૩.યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ/કો–ઓર્ડિનેટરશ્રીઓ/વિભાગીય વડાશ્રીઓ તરફ જાણ સારૂ...